ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૫-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

ગાંધીનગરમાં ડબલ 'હીટવેવ'

પાટનગર ગાંધીનગર છેલ્લા ઘણા સમયથી રાષ્ટ્રીય રાજકારણની ગરમીમાં શેકાતું રહ્યું, જેનું સુભગ પરિણામ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રનાયક તરીકે થયેલ દિલ્હી પ્રસ્થાનમાં આવ્યું. લોકપ્રિય મુખ્યમંત્રી હવે દેશના વડાપ્રધાન થયા, તે કદાચ ગુજરાત ઈતિહાસની સૌથી મોટી ગૌરવઘટના છે. નવાં મુખ્યમંત્રી તરીકે સોળ વર્ષનો સુદીર્ઘ વહીવટી અનુભવ ધરાવતાં મોદી મંત્રીમંડળનાં વરિષ્ઠ શ્રીમતી આનંદીબહેન પટેલે હોદ્દો સંભાળી લીધા પછી ગુજરાતમાં સત્તાનું હસ્તાંતરણ સુલેહભર્યા સંગીન વાતાવરણમાં સંપન્ન થયું. નવાં મુખ્યમંત્રીશ્રીએ પહેલા જ દિવસથી એમની આગવી શૈલીમાં વહીવટ સંભાળી લેતાં ગુજરાતમાં પ્રવર્તતી રાજકીય ગરમી ઓસરી ગઈ છે, પરંતુ હૂલતા વૈશાખ અને બેસતા જેઠ મહિનાના દિવસોમાં સમસ્ત ગુજરાતમાં જે 'હીટવેવ' પ્રસરી ગયું છે એથી જનજીવન ત્રાહિમામ પોકારી ઊઠ્યું છે. આ હીટવેવમાં ગાંધીનગરની હરિયાળી પણ લાચાર બની ગઈ છે. અમદાવાદ ગુજરાતના સૌથી ગરમ શહેરનો વિક્રમ ધરાવે છે, જે અગાઉ ઈડરના ફાળે જતો હતો. ગાંધીનગર પણ ૪૪ ડિગ્રી જેટલા ઊંચા તાપમાને શેકાતું રહે છે. સુવિધાપૂર્ણ જીવન શૈલી અપનાવી ઍરકંડિશન્ડ ચેમ્બરોમાં પુરાઈ રહેતા ભદ્રલોક કે સરકારી બાબુઓને આ ઉગ્ર તાપ ભલે ન દઝાડતો હોય, પરંતુ ગરીબ માણસના લમણા શેકાઈ જતા હોય છે, પશુ પંખીઓ માટે બપોર પછીની વેળા વસમી થઈ પડે છે. પાણી માટે વલખતાં પશુપક્ષીઓ સાબરમતીના કોરાકટ પટને જોઈ નિસાસો નાખે છે. ગરમીનો આ આતંક છેલ્લા કેટલાક દિવસથી એટલો વધી ગયો છે કે ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયમાં હીટસ્ટ્રોકથી કેટલાંક મૃત્યુ નોંધાયાં છે. ગરમીને કારણે ડિહાઈડ્રેશન થતાં અનેક પ્રકારની સમસ્યાઓ સરજાતી હોય છે. કૉલેરા અને ગૅસ્ટ્રોએન્ટરાઈટિસ તથા કમળા જેવા ચેપી રોગો દૂષિત પાણીથી ફેલાતા હોય છે. ઉનાળામાં આ બાબતે કાળજી લેવી જરૂરી છે. લોકસુખાકારીનાં પગલાં લેવામાં સરકારીતંત્ર જાગતું રહે તો આવી મુશ્કેલીઓનો સામનો કરવામાં મદદ મળી શકે. મૂળમાં આખો પ્રશ્ન પર્યાવરણના રક્ષણના મુદ્દે વિશ્વભરમાં પ્રવર્તી રહેલી બેદરકારી છે. પર્યાવરણના સંતુલનની ચિંતા કરવાને બદલે કાળા માથાનો માનવી જીવના જોખમે ભૌતિક પ્રગતિ અને વિકાસનો જ કેડો ઝાલી રાખતો હોઈ આજે 'ગ્લોબલ વૉર્મિંગ'ની આ વિકરાળ સમસ્યા આપણી સામે ડાચું ફાડીને ઊભેલી વરતાય છે. આ વખતનો શિયાળો આકરો નીવડયો હતો એ જ રીતે ઉનાળો પણ આકરો સાબિત થઈ રહ્યો છે. ગુજરાતમાં ચોમાસું જૂનની પંદરમી તારીખ પછી બેસતું હોય છે. આ જૂનના પ્રથમ પખવાડિયામાં ગરમી આમને આમ જોર પકડતી જશે તો સરકાર માટે પાટનગર સહિત રાજયભરમાં પીવાના પાણીના પ્રશ્નો ઉપરાંત આરોગ્યનો પ્રશ્ન પર ધ્યાન આપવું જરૂરી બની રહેશે. વિશ્વ પર્યાવરણ અને વિશ્વ વન દિવસની ઉજવણી ફકત ઔપચારિકતા ન બની રહેતાં દરેક નાગરિક માટે એક આપદધર્મ બની રહે એવો માહોલ તૈયાર કરવો જ રહ્યો. આગામી વર્ષોમાં 'ગ્લોબલ વૉર્મિંગ' સતત વધતું જશે અને પર્યાવરણનું સંતુલન વધુને વધુ જોખમાતું જશે. આ મુદ્દે વેળાસર ચેતવાની જરૂર છે એમ નથી લાગતું? ટોરન્ટ જેવી ખાનગી એજન્સી દ્વારા વીજ પુરવઠો પૂરો પાડવામાં આવતો હોવા છતાં પાટનગરમાં વારંવાર વીજકાપ મૂકવામાં આવે છે. કાળઝાળ ગરમીમાં શેકાતાં પાટનગરવાસીઓ પાંચ -પાંચ કલાક સુધી ૪૪ તાપમાં શેકાતાં-બફાતાં રહે ચે. શું આ પરિસ્થિતિનો કોઈ જ ઉકેલ નથી?

પાંદડે પાંદડે મોતી

- સંક્ષેપ અને સંકલન
- મહેશ દવે

- સાચી ત્યાગવૃત્તિ

ધનદાસનો ત્યાગ અને ત્યાગવૃત્તિ સાચાં હતાં, વિપ્રદાસનો ત્યાગ અને ત્યાગવૃત્તિ માત્ર ઉપરછલ્લાં દેખાવનાં હતાં

ભારતીય પ્રાચીન પ્રણાલી એવી હતી કે મોટી ઉંમર થતાં વ્યક્તિ સંસાર છોડી સાધુ થઈ જાય. આવા સાધુઓ આશ્રમોમાં રહે. આવા એક આશ્રમમાં બે સાધુઓ રહેતા હતા. એકનું નામ ધનદાસ, બીજાનું નામ વિપ્રદાસ. ધનદાસ ગૃહસ્થ જીવનમાં ખૂબ ધનવાન હતા. બંગલા, વાડીવજીફો અને અઢળક ધન હતું. એ છોડી તેઓ સાધુ થયા હતા. તેમનાં સંતાનો હજી તેમનું ધ્યાન રાખતાં. વખતોવખત વસ્ત્રો, ખાદ્યસામગ્રી, ફળફળાદિ વગેરે આપી જતાં. વિપ્રદાસ સામાન્ય સ્થિતિમાંથી આવ્યા હતા. તેમનું કોઈ હતું નહીં. ગામમાં જઈ વિપ્રદાસ ભિક્ષા માગી લાવતા અને જીવનનિર્વાહ કરતા. તેમની પાસે થોડાં જૂના કપડાં, એક માટીનો કુંજો અને એક મૃગચર્મ સિવાય કંઈ નહોતું.

ધનદાસ આરામનું શાંત સ્વસ્થ સાધુજીવન જીવતા હતા. વિપ્રદાસ કઠોર તાપસ જીવન જીવતા હતા. તેનું તેમને બહુ અભિમાન હતું. ધનદાસ પાસેથી તે કશું સ્વીકારતા નહીં બલકે ધનદાસની ઠેકડી ઉડાડતા. આવતા-જતા બીજા સાધુઓને એ કહેતા કે ધનદાસ તો સંસારની જવાબદારી ઉપાડી શકવા અશકત થઈ ગયા હતા તેથી સાધુ થયા છે. સાધુ થઈને આરામનું, મોજશોખનું જીવન જીવે છે. તેમને બધું મળી રહે છે, કશું કરવું પડતું નથી.

એક દિવસ તો વિપ્રદાસે ધનદાસનો ઊધડો લીધો. કહ્યું, 'મારો ત્યાગ સાચો છે. હું કેવું કઠોર જીવન જીવું છું. મારા જેવું જીવન તું એક દિવસ પણ જીવી ન શકે. તેં ઘર છોડ્યું છે પણ તારું જીવન તો ગૃહસ્થ જેવું બાદશાહી છે.' ધનદાસ કશું બોલ્યા નહીં એટલે વિપ્રદાસે તાડૂકીને પૂછ્યું, 'હવે તારે બાદશાહી જીવન છોડી ખરેખર ત્યાગનું જીવન કયારથી જીવવા માંડવું છે?'

ધનદાસે કહ્યું, 'આજથી જ. ચાલો આપણે અહીંથી નીકળી ઉત્તર-કાશી ચાલ્યા જઈએ. ત્યાં મારા કોઈ સગા મળી શકશે નહીં. હું તમારા જેવું જ જીવન જીવીશ.'

વિપ્રદાસ હેબતાઈ ગયા. તેમણે આવો જવાબ ધાર્યો નહોતો, પણ હવે પોતાનું અભિમાન જાળવવા અને ધનદાસનો દંભ ઉઘાડો પાડવા ઉત્તર-કાશી જવા સિવાય છૂટકો નહોતો. બંને ઉત્તર-કાશી ચાલ્યા, આશ્રમ છોડ્યો, ગામ છોડ્યું. એકાદ-બે માઈલ આગળ ચાલ્યા પછી વિપ્રદાસ ઊભા રહી ગયા. ધનદાસે કારણ પૂછ્યું તો કહે, 'હું મારાં કપડાં, પાણીનો કુંજો અને મૃગચર્મ તો આશ્રમમાં ભૂલી આવ્યો છું. તું અહીં ઊભો રહે. હું મારી વસ્તુઓ લઈ આવું છું.'

પોતાની ખાલી હાથ હલાવતાં હલાવતાં ધનદાસ મર્મમાં હસ્યા. તેમની તો કેટલીય વસ્તુઓ આશ્રમમાં રહી ગઈ હતી, પણ તેમને તેની યાદ પણ આવી નહોતી. તેઓ વસ્તુઓ વાપરતા હતા ખરા, પણ તેમનો મોહ તેમાંથી નીકળી ગયો હતો. બીજીબાજુ ત્યાગના અભિમાનવાળા વિપ્રદાસના મનમાંથી ક્ષુલ્લક વસ્તુઓ પણ ગઈ નહોતી. તેનો મોહ છૂટ્યો નહોતો.

ધનદાસનો ત્યાગ અને ત્યાગવૃત્તિ સાચાં હતાં, વિપ્રદાસનો ત્યાગ અને ત્યાગવૃત્તિ માત્ર ઉપરછલ્લાં દેખાવનાં હતાં.

આજે ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ

ગાંધીનગર જિલ્લાના ૧૫ હજાર જેટલા વિદ્યાર્થીઓનું ભાવી નક્કી થશે : વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા

ગાંધીનગર, તા.૩૦

ગત માર્ચ મહિનામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષા યોજવામાં આવી હતી. જયારે બે મહિનાના અંતે હવે બોર્ડ પરીક્ષાઓનું તબક્કાવાર પરિણામ જાહેર કરવામાં આવી રહ્યું છે. જેમાં -થમ ધોરણ- ૧૨ વિજ્ઞાન -વાહનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. આવતી કાલે ૩૧ મે ના રોજ ધોરણ-૧૨ સામાન્ય -વાહનું પરિણામ જાહેર થવાનું છે. જિલ્લામાંથી અંદાજીત ૧૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ સામાન્ય -વાહની પરીક્ષા આપી હતી. બોર્ડ પરિક્ષા કોઈ પણ -કારની ગેરરીતીનો કિસ્સો નોંધાયો ન હતો. આવતી કાલે શનિવારે પરિણામ જાહેર થવાનું હોવાથી વિદ્યાર્થી અને વાલીઓમાં પણ પરિણામલક્ષી ઉત્તેજના વધુ -બળ બની છે.

રાજયમાં બોર્ડ દ્વારા ૧૩મી માર્ચથી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા શરૂ થઈ હતી. ૧૫ દિવસ ચાલેલી બોર્ડની પરીક્ષામાં અમદાવાદ શહેર જિલ્લામાં ૫૯,૩૯૪ વિદ્યાર્થીઓ સહિત રાજયના કુલ ૫,૦૮,૯૦૦૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં વિદ્યાર્થીઓની ૨૦ લાખ જેટલી વિવિધ વિષયોની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી પૂર્ણ થયા બાદ પરિણામ તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. પરિણામ તૈયાર કરવાની હાથ ધરાયેલી કામગીરી પણ ૨૫ દિવસમાં પૂર્ણ થતાં જ બોર્ડે માર્કશીટ તૈયારી કરીને આવતીકાલે પરિણામ જાહેર કરવાની તૈયારીઓ કરી છે. ત્યારે હવે આવતીકાલે સવારે ૮ વાગે બોર્ડની સત્તાવાર વેબસાઈટ ુ.ઘ્રજીહ્લ.ષ્ટિ તથા ુ.ઘ્રૈંઙ્ગ.હીં પર જાહેર થશે. આ વેબસાઈટ પર લોગ-ઈન કરીને પરિણામ જાણી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં સરેરાશ પરિણામ ૮૬ા આવ્યું હતું. જો કે ચાલુ વર્ષે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૬૫ ટકાથી વધુ આવે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. સવારે ૮ વાગે પરિણામ જાહેર થયા બાદ તમામ જિલ્લાઓમાં શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાના નિયત વિતરણ સ્થળેથી શાળાઓને પરિણામનું વિતરણ કરાશે. શાળાનાં આચાર્યે પોતાનો પ્રતિનિધિ મોકલીને પોતાની ઓળખનો પુરાવો રજુ કરીને નિયત વિતરણ સ્થળેથી પરિણામ મેળવી લેવાનું રહેશે, ત્યારબાદ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને પણ તે દિવસે માર્કશીટ આપી દેવાશે. આવતીકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની સાથે જ ધોરણ-૧૨ ઉત્તર બુનિયાદી પ્રવાહી, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમની પરીક્ષાનું પરિણામ પણ આવતીકાલે જાહેર કરવામાં આવશે.

ઈજનેરી પ્રવેશ : ઓનલાઈન રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરાશે

પંજાબ નેશનલ બેંકની ૭૦ શાખાઓમાં ૩૫૦ની કિંમતની બુકલેટ અને પીન નંબર આપવાનો વિધીવતરીતે પ્રારંભ

અમદાવાદ, તા.૩૦

ગુજરાત રાજયમાં આવેલી ડિગ્રી ઈજનેરી વિદ્યાશાખાની કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ વર્ષ પ્રવેશ માટે આવતીકાલથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે ત્યારે આજથી શરૂ કરાયેલ બુકલેટ અને ફોર્મ વિતરણના પગલે વિદ્યાર્થીઓની લાઈનો લાગી હતી.

આજથી પંજાબ નેશનલ બેંકની ૭૦ જેટલી શાખાઓમાંથી રૂા. ૩૫૦ની કિંમતની બુકલેટ અને પીન નંબર આપવાનો પ્રારંભ થયા છે ત્યારે બુકલેટ અને પીન નંબરના વિતરણના પ્રથમ દિવસે જ વિદ્યાર્થીઓએ લાંબી લાઈનો લગાવી હતી.પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ સાયન્સ પરિણામ બાદ હવે ડિગ્રી એન્જિનીયરીંગમાં રાજયભરની કોલેજોમાં પ્રવેશની ઓનલાઈન કામગીરી શરૂ કરવામાં આવી છે. જે માટે શુક્રવારના રોજ પંજાબ બેંકના નિર્ધારીત કરાયેલા સેન્ટરો પરથી માહિતી પુસ્તિકા અને પીન નંબરનું વેચાણ ચાલુ કરવામાં આવ્યું હતું. જેના માટે દરેક સેન્ટર પર વિદ્યાર્થીઓની લાંબી લાઈનો જોવા મળી હતી. વિદ્યાર્થીએ પીન નંબર મેળવીને ઓનલાઈન રજીસ્ટ્રેશન ૧૦ જૂન સુધીમાં કરવાનું રહેશે ત્યારબાદ વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન ફોર્મ અને અન્ય જરૂરી પ્રમાણપત્રોની નકલ નક્કી કરેલા હેલ્પ સેન્ટરો પર જમા કરાવાના રહેશે.

પ્રવેશને લગતી કોઈપણ મુઝવણ કે માર્ગદર્શન માટે વિદ્યાર્થી પ્રવેશ સમિતિની ૨૪ કલાક માટે કાર્યરત હેલ્પલાઈન નંબર ૦૭૯-૨૬૪૩૧૪૪૪ ઉપરથી માહિતી મેળવી શકશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોથી ડિગ્રી ઈજનેરી શાખાની નોંધપાત્ર બેઠકો ખાલી રહે છે. આ વર્ષે પણ ડિગ્રી ઈજનેરી શાખાની બેઠકોમાં ધરખમ વધારો થવાથી ૮૦૦૦ થી ૧૦,૦૦૦ જેટલી બેઠકો ખાલી રહે તેવી શક્યતા છે. આ કારણથી ડિગ્રી ઈજનેરી કોર્સમાં પ્રવેશ માટે નોંધપાત્ર પ્રમાણપત્ર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાય તે માટે સત્તાવાળાઓ દ્વારા અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

વેકેશનનો સમય ધીમે-ધીમે પુરો થવા આવ્યો અને માતા-પિતા બાળકોના સ્કૂલ એડમીશન અને પુસ્તકો ખરીદવામાં વ્યસ્ત થઈ ગયા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

અખિલ ભારત અનુસૂચિત જાતિ- જનજાતિનું સભ્ય પદ મેળવવા જોગ

અખિલ ભારત અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિ માનવ વિકાસ પરિષદ દ્વારા ભેદભાવમૂક્ત સમરસ ભારતનું નિર્માણ કરવા સંગઠન બનાવવા સભાસદ બનાવવા માટે દલિત, આદિવાસી, જ્ઞાતિજનોને જણાવવામાં આવ્યું છે. દેશમાં ૩૧ કરોડ જેટલી દલિત, આદિવાસી સમાજનો સામાજીક, શૈક્ષણિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં વિકાસ થાય તે માટે અખિલ ભારત અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિ માનવ વિકાસ પરિષદ દ્વારા ૧૮ વર્ષથી મોટી ઉંમરના તમામ નાગરિકોનું સંગઠન બનાવવામાં આવશે. સભાસદ બનવા માટે રૂ.૧૧૧ ફી ભરી આજીવન સભાસદ બની શકાશે. સભાસદ બનવા માટે તા. ૧ જૂન રવિવારે સાંજે ૪થી ૭ સુધી કાર્યાલય પ્લોટ નં. ૧૭૫૭/૨ સે-૨-ડી ખાતેથી ફોર્મ મેળવી શકાશે. વધુ વિગતો માટે ૦૭૯-૨૩૨-૪૦૭૮૦ પર સંપર્ક કરવો.

હરિની દૃષ્ટિ...

એવા ઉમેદવારોની જરૂર છે, કે જે શિક્ષણની મહત્ત્વતા બહુ સારી રીતે જાણતો હોય અને તેને શિક્ષણ જગત પ્રત્યે અનન્ય માન, એ પોતે ન ભણેલો હોય તો આપણે થોડું સમાધાન કરી લેશું...!

ગાંધીનગરમાં રવિવારે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ખાતે તા. ૧-૬-૨૦૧૪, રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન ઘ-૪ના સર્કલ પાસે, ઉદ્યોગભવન નજીક પુસ્તક પરબ યોજાનાર છે. છેલ્લા ૬ મહિનાથી દર મહિનાના પ્રથમ રવિવારે આ કાર્યક્રમ માતૃભાષા અભિયાન, અમદાવાદના ઉપક્રમે આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં યોજવામાં આવે છે.

પુસ્તક પરબની મુલાકાતે આવનાર પુસ્તકભાવકો ઉપલબ્ધ પુસ્તકોમાંથી કોઈ પણ બે પુસ્તક વિના મૂલ્યે લઈ જઈ શકશે. માતૃભાષાના ગૌરવના હેતુથી તેમજ સારા સાહિત્યનું વાંચન-પ્રસારણ થાય તે હેતુથી પુસ્તક પરબ યોજવામાં આવે છે. સમગ્ર ગુજરાતમાં અમદાવાદ સહિત વિવિધ કેન્દ્રો ખાતે પુસ્તક પરબ યોજવામાં આવે છે. પુસ્તકોના આદાન-પ્રદાનનું આ શ્રેષ્ઠ માધ્યમ પુરવાર થઈ રહ્યું છે. ગાંધીનગરમાં અગાઉ યોજાયેલા પુસ્તક પરબના કાર્યક્રમોમાં રવિવારે ૧૦૦ ઉપરાંત ભાવકો મુલાકાત લઈ સારાં પુસ્તકો લઈ ગયા છે અને અનેક સાહિત્યરસિકો, વડીલોએ સારાં પુસ્તકો પુસ્તક પરબને દાનમાં પણ આપ્યા છે.

ગાંધીનગરના વિદ્યાર્થીઓ, યુવા-યુવતીઓ, વડીલોને પુસ્તક પરબના કાર્યક્રમમાં પધારવા ગાંધીનગરે કન્દ્રના સર્વશ્રી પ્રજ્ઞા પટેલ, કિશોર જિકાદરા, દક્ષા ભાવસાર વગેરે તરફથી હાર્દિક નિમંત્રણ છે.

૨૮-મે, ૨૦૧૪, કૃષિ મહોત્સવ અંતર્ગત ગુજરાત સરકારના નાયબ માહિતી નિયામક, ગાંધીનગર દ્વારા પરંપરાગત માધ્યમ નાટક ભીખુ કવિના સાબર કલા વૃંદના કલાકારોએ વડવાસા, તા. દહેગામ ખાતે ભજવ્યુ હતુ. જેમાં હેમંત કવિ, રોનક સુતરિયા, મેહુલ કવિ અને પ્રફુલ્લાબેન વગેરેએ અભિનયના અજવાળા પાથર્યા હતા.

ચ-૦ પાસે ટ્રાફિક ડ્રાઈવમાં ૪૧૬ વાહનચાલકો પોલીસની ઝપટમાં

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જીલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા આહે સવારના સુમારે શહેરના ચ-૦ સર્કલ ખાતે ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કર્યું હતું. આ ટ્રાફિક ડ્રાઈવમાં ૪૧૬ જેટલા વાહનોનું ચેકિંગ હાથ ધરાયું હતું. ટ્રાફિક પી.આઈ વાય.આર.ગામીતના જણાવ્યાનુસાર ચ-૦ સર્કલે રાખેલી ટ્રાફિક ડ્રાઈવમાં લાયસન્સ વગર ફરતા ૧૧ વાહનચાલકોના વાહનો ડીટેઈન કરી લેવામાં આવ્યા હતા. પોલીસે વાહનચાલકો પાસેથી કુલ રૂ.૨૬,૪૦૦ નો દંડ વસુલ્યો હતો.

ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે ગાંધીનગર ડી.એસ.પી શરદ સિંઘલની સુચનાથી ટ્રાફિક પી.આઈ એ આજે સવારે ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કર્યુ હતું. આ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન ટ્રાફિક પોલીસે સર્કલ પરથી પસાર થતા ૪૧૬ વાહનોની ચકાસણી હાથ ધરી હતી. આ દરમિયાન ૧૧ વાહનચાલકો પાસે લાયસન્સ ન હોવાનું માલુમ પડતા આ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત હેલ્મેટ વગર વાહન ચલાવતા ૨૭૫ વાહનચાલકો પાસેથી પણ દંડ વસુલાત કરવામાં આવી હતી. જયારે સીટ બેલ્ટ બાંધ્યા વિના કાર ચલાવતા ૧૦૩ કારચાલકો પોલીસની ઝપટે ચડ્યા હતા. આ ઉપરાંત ૧૩ કાર ચાલકો પાસેથી ડાર્ક ફિલ્મ કઢાવી નાંખીને દંડ વસુલવામાં આવ્યો હતો. પોલીસની આ ડ્રાઈવ દરમિયાન વધુ પેસેન્જર ભરી જતા ૧૪ વાહનચાલકો સામે પણ દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સવારે અઢી કલાકની વાહન તપાસ ઝુંબેશ દરમિયાન ૪૧૬ વાહનોની ચકાસણી કરવામાં આવી હતી. જયારે રૂ.૨૬,૪૦૦ નો દંડ પણ વાહનચાલકો પાસેથી વસુલવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં ટ્રાફિક પોલીસના ૨૫ પોલીસ જવાનોએ ફરજ બજાવી હતી.

છાલા - ઝાખોરા હાઈવે પરના ગામોમાં પશુ ચોરી કરતી ગેંગ પુનઃ સક્રિય

ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત કેટલાક ગામડાઓમાં થોડા મહિનાઓ અગાઉ પશુચોરોએ રીતસરનો આતંક મચાવી દીધો હતો. થોડા સમયથી આ ગેંગ શાંત પડી ગઈ હતી. હવે આ ગેંગ પુનઃ સક્રિય થઈ જતા ગ્રામજનો ચિંતિત બન્યા છે. હાઈવે પર સ્થિત છાલા ગામની સીમમાં એક ખેતરમાં બાંધેલી બે ભેસોએ રાત્રી દરમિયાન ત્રાટકેલી પશુ ચોરતી ગેંગ ઉપાડી ગઈ હતી. પશુપાલક ખેડૂતે આસપાસ તેની ભેસોની શોધખોળ કરી પરંતુ મળી ન આવતા આખરે ચિલોડા પોલીસ મથકે ૧ લાખ ની કિંમતની બે ભેસોની ચોરી થઈ ગયા અંગે ફરિયાદ આપી છે.

ગાંધીનગર પાસે આવેલા છાલા ગામમાં રહેતા તજબુદ્દીન મીજાબુદ્દીન શેખનું ખેતર છાલા-ઝાખોરા રોડ પર છાલા ગામની સીમમાં આવેલું છે. પશુપાલક તજબુદ્દીન તેમની ભેસો ખેતરમાં બાંધતા હતા. ગત ૨૫ મી એ પણ તેમણે ભેસો ખેતરે બાંધી હતી અને ત્યાર બાદ ઘરે ગયા હતા. સવારે ખેતરે આવીને જોયું તો બંને ભેસો ગાયબ હતી. બે દિવસ તેમણે આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી પરંતુ મળી આવી ન હતી. અંતે તેમણે ચિલોડા પોલીસ મથકમાં રૂ.૧ લાખ ની કિંમતની બે ભેસોની થયેલી ચોરી અંગે ફરિયાદ આપતા ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. ગામમાંથી ફરી પશુઓ ચોરાવા લાગતા અન્ય પશુપાલકો પણ ચિંતામાં મુકાઈ ગયા છે.

બી.પી. કોલેજ ઓફ એડમીનીસ્ટ્રેશને ગાંધીનગરનું ગૌરવ બની ૧૬મા વર્ષમાં પ્રવેશ કર્યો

એનએએસી દ્વારા બી-પ્લસ ગ્રેડ મેળવ્યો : રાજ્યની અનેક બીપીએ કોલેજમાં આગવું સ્થાન બનાવ્યું : મેરીટ સ્કોલરશીપ આપની ગુજરાતની એક માત્ર સંસ્થાએ 'કર ભલા તો હોગા ભલા' સૂત્રને સાર્થક કર્યું

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં આવેલ કડી સર્વ વિદ્યાલય એ શિક્ષણ ક્ષેત્રે કાર્યરત અનોખુ વિદ્યાધામ છે. આ કેમ્પસમાં આવેલ બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન કોલેજ ૧૫ વર્ષથી આ વિદ્યાધામનું મહામુલુ ઘરેણું બની ચુકી છે. અને ૧૯૯૯માં કડી સર્વ વિદ્યાલયના ચેરમેન માણેકલાલ સાહેબની આગવી સુઝ અને તેમના ઉચ્ચ શિક્ષણ પ્રત્યેના લગાવને કારણે મેનેજમેન્ટ ક્ષેત્રે સ્નાતકનો કોર્સ ભણાવતી આ કોલેજની સ્થાપના કરાઈ હતી. અત્યારે આ કોલેજ રાજ્યની અગ્રગણ્ય કોલેજ બની ગઈ છે.

બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશને પ્રારંભે ૧૦૦ વિદ્યાર્થીઓથી તેની સફરની શરૂઆત કરી હતી જે હવે ૧૬ મા વર્ષે મંગલ પ્રવેશ કરી હજારો વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ ભાવિ ઘડતરમાં સહભાગી થઈ ચૂકી છે. એનએએસી જેવી પ્રતિષ્ઠીત સંસ્થા દ્વારા બી-પ્લસનો ગ્રેડ મેળવેલ આ કોલેજે મેનેજમેન્ટ ક્ષેત્રે છેલ્લા દોઢ દાયકામાં સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કરી શકે તેવા માપદંડો સ્થાપિત કર્યા છે. વિશ્વમાં જ્યારે બીજનેસ એડમીનીસ્ટ્રેશન અને મેનેજમેન્ટ ક્ષેત્રે સારા કર્મચારીઓની કોર્પોરેટ જગતમાં બહોળા પ્રમાણમાં માંગ વિકસી છે ત્યારે આ કોલેજે સંનિષ્ઠ પ્રયત્નો દ્વારા વિવિધ ક્ષેત્રોમાં નિપુણ અને કૌશલ્ય કેળવાયેલા ઉમેદવારો પુરા પાડ્યા છે. મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત અનેક સંસ્થાઓ વચ્ચે આ કોલેજ પોતાની આગવી ઓળખ અને પ્રતિષ્ઠાસભર સ્થાન ઉભું કર્યું છે તે ગાંધીનગર માટે ગૌરવ સમાન છે.

આ કોલેજ દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને પણ ઉચ્ચ શિક્ષણમાં મદદરૂપ થઈ શકાય તે બાબતની ચિંતા સંસ્થાના સંચાલકો કરે છે, જેથી ગુજરાત રાજ્યની આ એક માત્ર કોલેજ એવી છે જે મેરીટ સ્કોલરશીપ આપી તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કરે છે. શિક્ષણ જગતમાં આજકાલ ઠેર ઠેર વેપારની હાટડીઓ સમી બનેલી સંસ્થાઓ વચ્ચે 'કર ભલા તો હોગા ભલા'ના સિદ્ધાંત થકી મેનેજમેન્ટ ક્વોટાને સંસ્થાએ સ્થાન ન આપી દીવા દાંડી સમાન બની રહેલ છે. ઉચ્ચ અભ્યાસની સાથે સાથે અનેક ઈતર પ્રવૃત્તિઓ અને અભ્યાસ સહાયક આયોજનોથી કોલેજ કેમ્પસ હંમેશા ધમધમતુ રહે છે. આ કોલેજનો 'આયના' કાર્યક્રમ છેલ્લા ૧૬ વર્ષથી ગુજરાતમાં સાંસ્કૃતિક કાર્યક્રમનની ઓળખ બની ગયો છે. વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ થકી તેમની કળાને ખીલવી તેમનામાં રહેલી શુષુપ્ત શક્તિઓને બહાર કાઢવા કોલેજ તેમને મંચ પૂરો પાડે છે. અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય છે. આ ઉપરાંત રમતગમત ક્ષેત્રે શક્તિઓને ખીલવવા સ્પોર્ટસવીક, જુદા જુદા સેમીનાર-વર્કશોપ, ઈન્ડસ્ટ્રીયલ વીઝીટ, શિક્ષક દિન, ગુરુપૂર્ણિમા ઉજવણી, સેવા ભાવનાને ઉત્તેજન આપવા રક્તદાન શિબિર, વૃદ્ધાશ્રમ મુલાકાત, વૃક્ષારોપણ, પશુ-પંખીઓ બચાવવા જાગૃતિ તેમજ નવા વિદ્યાર્થીઓને આવકારવા વેલકમ પાર્ટી જેવા અનેક કાર્યક્રમોથી આ કોલેજનું કેમ્પસ ધમધમતુ રહે છે. આ માટે અનેક સંસ્થાઓ અને સરકારની પણ મદદ લેવાય છે.

વિદ્યાર્થીઓમાં સ્કીલ ડેવલપમેન્ટ અને ઈંગ્લિશ સ્પીકીંગ માટે 'સ્કોપ' જેવી સંસ્થાઓ સાથે મળીને વિશિષ્ટ કાર્ય કરાય છે, તેમજ અંગ્રેજી ભાષામાં આત્મવિશ્વાસ કેળવવા 'લેંગ્વેજ ક્લબ'ની પણ સ્થાપના કરાઈ છે. જુદા જુદા વિષયો પર ફિલ્મ, ડોક્યુમેન્ટરી બતાવાય છે અને તે માટે 'મુવી ક્લબ'ની સ્થાપના કરાઈ છે. આમ આ કોલેજના સંનિષ્ઠ પ્રયાસોને કારણે હજારો વિદ્યાર્થીઓ તેમની કારકિર્દીને ખિલવી શક્યા છે. જેમાંથી સેંકડો વિદ્યાર્થીઓ આજે ગુજરાત અને ભારત સરકાર ઉપરાંત યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ